# વડગામના ડાલવાણા ગામના યુવકનું અપહરણ કરી નિર્મમ હત્યા

### પોલીસે ૧૪ આરોપીઓની ધરપકડ કરી : વારવાડીયામાંથી નાસી ગયેલા યુવક-યુવતીના કિસ્સામાં હાથ હોવાથી આશંકાએ ઢોર મારમારી યુવકને મોતને ઘાટ ઉતાર્યો



પાલનપુર, તા.૧૭

વડગામ તાલુકાના ડાલવાણા ગામના યુવકનું અપહરણ કરી હત્યા કરાતા ચકચાર મચી ગઈ હતી.વારવાડીયા ગામેથી મંગળવારના દિવસે એકજ સમાજના યુવક-યુવતી નાસી ગયા હતા.જેમને શોધવા માટે પરિવારજનો નીકળ્યા હતા.આ કિસ્સામાં નાસી ગયેલા યુવકના મામાના દીકરા વડગામ તાલુકાના ડાલવાણા ગામના કિરણ માનાભાઈ પરમાર ઉ.વર્ષ ૧૮ પર શક હતો. દરમ્યાન કિરણ સુરત ખાતે હોટલમાં કામ કરતો હોવાથી તે મંગળવારે સાંજે પાલનપુર થી વડગામ થઈ સુરત જતી બસમાં સુરત જવા માટે બેઠો હતો ત્યારે વારવાડીયાના ઈસમોએ ડાલવાણાના આ યુવકને બસમાંથી ઉતારી ધાકધમકી થી પુછપરછ કરવા વડોદરાનજીક ઉતારી કેટલાક દેસાઈ સમાજના ઈસમોએ ઢોર મારમારી મોતને ઘાટ ઉતાર્યો હતો બાદમાં નાસી ગયેલી યુવતી દેસાઈ સમાજની નહીં પણ દલિત સમાજનું હોવાનું માલુમ પડતા આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

વડગામના ડાલવાણાના જે યુવકની હત્યા થઈ છે તેને માર મારતા ત્રણ ઈસમોનો વિડીયો પણ વાયરલ થયો હતો જેને આધારે પોલીસે ત્રણ દેસાઈ સમાજના ઈસમોની ધરપકડ કરી છે યુવકને માર મારતા આ વીડિયોમાં નયન રબારી, વિષ્ણુ રબારી, મુકેશ રબારી નજરે પડે છે જેમને પોલીસે ધરપકડ કરી પુછપરછ હાથ ધરી છે

આ યુવકના હત્યાના ગુનામાં પોલીસે હાલસુધી માં ૧૪ આરોપીઓની અટકાયત કરી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે જોકે હજુ પણ અન્ય કેટલાક ફરાર આરોપીઓ ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે,

#### પોગલુની આધેડ મહિલાએ

## કોઈ કારણોસર કેરોસીન છાંટી જીવનનો અંત આણ્યો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે એક ૫૫ વર્ષની મહિલાએ જાતે કેરોસીન છાંટી જીવનનો અંત આણ્યો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના પોગલુ ગામે રહેતા મકવાણા રેશમબેન અમરતભાઈ ઉ.વર્ષ-૫૫ કે જેવો પોતાના ઘરે કોઈપણ કારણસર કેરોસીન છાંટી સળગી જતાં તેવો દાઝી જતાં તેવોને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન મોત નિપજતાં સિવિલ હોસ્પિટલના હાજર તબીબી ડૉ. વિપુલભાઈ જાની દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ભદ્રેવાડીના પિડિતોને તલોદ કોલેજે કિટ્સનું વિતરણ કર્યું

તલોદ, તા. ૧૭

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ તલોદ સહકારી મંડળી કોમર્સ કોલેજના એનએસએસ અને એનસીસીના સંયુક્ત ઉપક્રમે કોલેજના પરિવારે બનાસકાંઠા જિલ્લાના અતિવૃષ્ટિના કારણે થયેલ નુકશાનના પીડીતો માટે રૂ. ૧૬૦૦૦ ફાળો એકત્ર કર્યો હતો. જે પ્રોગ્રામ ઓફીસર તથા વિદ્યાર્થીઓએ કાંકરેજ તાલુકાના ભદ્રવાડી ગામના જરૂરિયાતમંદ વ્યક્તિઓને કીટ વિતરણ કરેલ હતુ. આચાર્ય ડૉ. જે.સી. પટેલના અંગત માર્ગદર્શન હેઠળ આ કાર્ય હાથ ધરાયેલ હતુ.



## મોડાસાથી રણુજા ૩૩મી પદયાત્રાનું પ્રસ્થાન

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાની શ્રી રામદેવ મંડળ સેવા સંઘ દ્વારા છેલ્લા ૩૨ વર્ષથી યોજાતી ૮૦૦ કી.મી.ની મોડાસા-રામદેવરાની પદયાત્રાનો ૩૩માં વર્ષે જન્માષ્ટમીના પવિત્ર દિવસે સંતો, મહંતોના આશીર્વચન સાથે ભવ્ય પદયાત્રાનું ૧૧૧ ફૂટની ધર્મધજા સાથે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લાના મોટી સંખ્યામાં રામદેવ ભક્તો, નાગરિકો અને સામાજિક અગ્રણીઓ મોટા સમુદાયમાં ઉપસ્થિત રહી પદયાત્રા સંઘનું વાજતે-ગાજતે, ભજન કીર્તન સાથે પ્રસ્થાનમાં જોડાયા હતા. ૧૧૧ ફૂટની ધર્મધજા નિહાળવા પ્રજાજનો ઉમટી પડ્યા હતા. બ્રહ્મલીન મહંત શ્રી. ૧૦૮ ચન્દુનાથજી યોગી પ્રેરિત મોડાસાથી રણુજાની ૩૩મી ભવ્ય પદયાત્રા મહંત ધર્મેન્દ્રનાથજી મહારાજ અને મહંત જશવંતનાથજી યોગીના સાનિધ્યમાં પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ૧૪ દિવસ પછી યાત્રા રામદેવરા પહોંચશે. પદયાત્રામાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને જીવદયા પ્રેમી નિલેશ જોશીએ શ્રીફળ આપી શુભેચ્છા પાઠવી હતી.

## પાલનપુરમાં શંકાસ્પદ સ્વાઈન ફલુના પગલે વધુ એક મોત

સરહદી બનાસકાંઠા જિલ્લા માં સ્વાઈન ફલુ એ પેસારો કરતા દિનપ્રતિદિન કેસો વધી રહ્યાં છે જો કે આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફલૂ થી ડરવાની જરૂર નથી સાવચેતી દાખવાની જરૂર છે તેવા બણગા ફૂંકી રહી છે બીજ તરફ બનાસકાંઠા જિલ્લામાં વધતા સ્વાઈન ફલૂ ના પોઝિટિવ કેસ ચિંતાજનક વધી રહ્યાં છે આજે શંકાસ્પદ સ્વાઈન ફલુ ના લીધે ધાનેરા સિંધી ડોકર આદમભાઈ નામના આઠ વર્ષ ના બાળક નું મોત નીપજ્યું છે ત્યારે ડીસા ની બે મહિલા ને સ્વાઈનફલુ ના પોઝિટિવ રિપોર્ટ અને એક મહિલા ને શંકાસ્પદ માં સ્વાઈનફલુ ના પોઝિટિવ જાણવા આવતા હાલમાં પાલનપુર સિવિલ માં સારવાર લઈ રહ્યા છે જિલ્લા મથક પાલનપુર માં



સ્વાઈનફલુ દર્દીઓ માટે અલગ વોર્ડ ની વ્યવસ્થા કરવામાં આવી છે રાજ્યભર માં સ્વાઈનફલુ ના રોગથી અનેક લોકો મોત થયા છે ત્યારે બનાસકાંઠા જિલ્લા માં સ્વાઈન ફલૂ ના રોગ દેખાતા લોકો માં ફફડાટ જોવા મળી રહ્યો છે.

# એન. કે. અમીન અને તરૂણ બારોટના પદ પરથી રાજીનામા

### સુપ્રીમમાં બાંહેધરી બાદ રાજીનામા આપ્યા : એન્કાઉન્ટર કેસના પોલીસ અધિકારીઓના રાજીનામાથી સનસનાટી

અમદાવાદ,તા. ૧૭

સુપ્રીમકોર્ટના આકરા વલણ બાદ આખરે ઉચ્ચ પોલીસ અધિકારી એન.કે.અમીન અને તરૂણ બારોટે પોતાના હોદ્દા પરથી રાજીનામા આપી દીધા હતા. બંને ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પોતાનો હોદ્દાનો ત્યાગ કરવા અંગે સુપ્રીમકોર્ટમાં જરૂરી બાંહેધરી આપ્યા બાદ રાજીનામા આપી દીધા હતા. સોહરાબુદ્દીન શેખ અને ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંડોવાયેલા એન.કે.અમીન હાલ તાપી જિલ્લાના એસપી હતા, જયારે તરૂણ બારોટ વેસ્ટર્ન રેલ્વે પોલીસના ડીવાયએસપી પદે હતા. સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ જે.એસ.ખહેર અને જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડની ખંડપીઠે બંને અધિકારીઓને દિવસના અંત સુધીમાં હોદ્દાનો ત્યાગ કરી દેવા તાકીદ કરી હતી. બંને ઉચ્ચ પોલીસ અધિકારીઓના રાજીનામાને પગલે સમગ્ર ગુજરાત રાજયના પોલીસતંત્રમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ એન.કે.અમીન અને તરૂણ બારોટને નિવૃત્તિ બાદ ફરી કરાર આધારિત નિમણૂંક આપવાના ચકચારભર્યા કેસમાં સુપ્રીમકોર્ટે ગઈકાલે એન.કે.અમીનના મામલામાં ગંભીર નોંધ લઈ તેની નિયુકિતના નિર્ણય પર પુનઃ વિચાર કરી ગુરૂવારે વલણ સ્પષ્ટ કરવા ગુજરાત સરકારને હુકમ કર્યો હતો.

# બનાસકાંઠા-પાટણના પૂર પીડિતોની વહારે શ્રીમદ રાજચન્દ્ર મિશન ધરમપૂર

### ૬૧ લાખનો ચેક મુખ્યમંત્રી રાહતનિધિમાં અર્પણ

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ભારે વરસાદની તારાજીનો ભોગ બનેલા બનાસકાંઠા-પાટણના આપત્તિ પીડિતોના ઝડપી પૂનર્વસન માટે મુખ્યમંત્રી રાહત નિધિમાં ઉદાર હાથે ફાળો આપવા કરેલી અપિલને રાજ્યભરમાંથી વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.

આ કડીમાં રૂ. ૬૧ લાખનો સહાય ચેક શ્રીમદ રાજચન્દ્ર મિશન ધરમપૂરના અભયભાઈ જસાણી, શ્રીમતી મૃદુલાબહેન જસાણી અને વિજયભાઈ રૂપાણીએ આજે મુખ્યમંત્રીશ્રી રાહત ફાળામાં અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રીએ શ્રીમદ રાજચંન્દ્ર મિશનની આ સમાજદાયિત્વ ભાવનાની સરાહના કરી હતી.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, ૭૧માં સ્વતંત્રતા પર્વની ઉજવણીના ઉપલક્ષમાં વડોદરામાં વિવિધ સંગઠનો, ઊદ્યોગ ગૃહો અને સામાન્ય નાગરિકો એ મળીને મુખ્યમંત્રી રાહત નિધિમાં રૂ. ૧૦૧ કરોડનો સ્વૈચ્છિક ફાળો અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રીએ આપત્તિ પીડિતોની પડખે સાડા ૬ કરોડ ગુજરાતીઓ ઊભા છે તેવા કરેલા સંવેદનસ્પર્શી આહવાનને વાચા આપતાં આજે શ્રીમદ રાજચંન્દ્ર મિશને રૂ. ૬૧ લાખનો ફાળો પૂર આપત્તિગ્રસ્તો માટે આપ્યો છે.

## આવતીકાલે ઈવીએમનુ ફસ્ટ લેવલ ચેકિંગ હાથ ધરાશે

હિંમતનગ, તા. ૧૬

આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના કામે ઉપયોગમાં લેવાનાર ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ, વીવીપીએટી)ની ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. કંપનીના એન્જીનીયરો દ્વારા, નોડલ અધિકારી (ઈવીએમ મેનેજમેન્ટ) અને અધિક કલેક્ટર સાબરકાંઠા, મદદનીશ નોડલ અધિકારી અને તેમજ જિલ્લામાં આવેલ માન્ય રાજકીય પક્ષના પ્રતિનિધિઓની હાજરીમાં તા. ૧૯ ઓગષ્ટ ૨૦૧૭ શનિવારના રોજ સવારે ૧૦ કલાકે કોર્ટ કમ્પાઉન્ડ (ઈવીએમ વેર હાઉસ) હિંમતનગર ખાતે ફસ્ટ લેવલ ચેકિંગ હાથ ધરવામાં આવશે.

## લાખોની ચોરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ ઘટના બની હતી. કોચમાં સીસીટીવીને યાત્રીઓ નુકસાન કરી દે છે તેના કારણે આ પ્રકારની ઘટનાઓ પકડી શકાતી નથી. કોટા અને રતલામ સ્ટેશનો વચ્ચે ચોરીની ઘટનાઓમાં વધારો થયો છે. વેસ્ટર્ન રેલવેને જનરલ મેનેજર એકે ગુપ્તાનું કહેવું છે કે, પ્રિમિયમ ટ્રેનોમાં સુરક્ષાની ખાતરી કરવા ખાસ ટીમો તૈનાત કરવામાંઆવશે. ટ્રેનમાં પત્નિ સાથે મુસાફરી કરી રહેલા રાજેશ જૈન નામના પ્રવાસીએ માહિતી આપતા કહ્યું છે કે, ચોર ટોળકી ૧૮૦૦૦ રૂપિયા લઈને ફરાર થઈ ગઈ છે પરંતુ આઈફોન-૬ અને અન્ય કિંમતી ચીજો તેમની બચી ગઈ છે. તેમનું સૂચન છે કે, આ પ્રકારની ટ્રેનોમાં ઓટોમેટિક ડોલ ક્લોઝર સિસ્ટમ હોવી જોઈએ જેથી અનઓથોરાઈઝ્ડ લોકો ટ્રેનમાં રાત્રિ ગાળામાં પ્રવેશ કરી શકશે નહીં. મુંબઈના પીયુષ સિંહ નામના યાત્રીએ માહિતી આપતા કહ્યું છે કે, પરિવારના ૧૩ સભ્યો સાથે તેઓ હતા. વહેલી પરોઢે ચાર વાગ્યાની આસપાસ બે મહિલાઓએ ચીજો ચોરી થઈ હોવાની બૂમાબૂમ મચાવી હતી. આધાર કાર્ડ અને ૨૧૪૦૦ રૂપિયા ગુમાવી દેનાર યોગેશ અગ્રવાલે ૧.૨૫ લાખ રૂપિયા ગુમાવ્યા છે. ટ્રેન દિલ્હી પહોંચ્યા બાદ કેસ દાખલ કરવામાં આવ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી છે. ડીસીપી રેલવે પરવેઝ અહેમદના કહેવા મુજબ કોચ નંબર ૩, ૫, ૬, ૭,૧૦, ૧૧, અને એ-૧ રતલામ અને કોટા વચ્ચે મંગળવાર-બુધવારના રાત્રે આ બનાવ બન્યો હતો. પ્રવાસીઓને તેમના બેગ ખાલી હાલતમાં ટ્રેનની અંદર પેન્ટ્રી કાર અને બાથરૂમમાં મળ્યા હોવાના હેવાલ મળ્યા છે. હજરત નિજામુદીન રેલવે સ્ટેશનના જીઆરપી પોલીસ સ્ટેશનમાં જીરો એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

## હજ નીતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેવીશક્યતા છે. આનો મુખ્ય હેતુ ગરીબથી ગરીબ લોકો પણ હજ યાત્રાની તક આપવાનો છે. હજ સબસિડીને ખતમ કરવા સાથે સંબંધિત જુદા જુદા પાસાઓ ઉપર પણ ગંભીરતાપૂર્વક વિચારણા ચાલી રહી છે. લઘુમતિ બાબતોના પ્રધાન મુક્ષાર અબ્બાસ નકવીનું કહેવું છે કે, હજ નીતિ ૨૦૧૮ નક્કી કરવા માટે ઉચ્ચ સ્તરીય કમિટિ પોતાના રિપોર્ટને તૈયાર કરવાને લઈને અંતિમ તબક્કામાં છે. નવી નીતિને આ મહિનાના અંત સુધી જારી કરી દેવામાં આવશે. નવી હજ પોલિસીનો ઉદ્દેશ્ય હજની સંપૂર્ણ પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શી બનાવવાનો છે. હજ યાત્રા માટે જુદી જુદી સુવિધાઓને ખાસ ધ્યાનમાં લેવામાં આવશે. દરયાઈ માર્ગથી હજ યાત્રા શરૂ કરવામાં આવનાર છે. હજ યાત્રીઓને મુંબઈથી દરિયાઈ માર્ગ મારફતે જિદ્દાહ જવાનો સિલસિલો ૧૯૯૫માં રોકી દેવાયો હતો. હજ યાત્રીઓને દરિયાઈ માર્ગથી મોકલવા પર યાત્રા સંબંધિત ખર્ચમાં ઘટાડો થશે. જહાજમાં જવાથી સમયમાં એક સાથે ચારથી પાંચ હજાર લોકોને લઈ જવાશે. નકવીએ કહ્યું હતું કે, મુંબઈથી જિદ્દાહ વચ્ચે ૨૩૦૦ નોટિકલ માઈલના અંતરને એક બાજુના અંતરને બે ત્રણ દિવસમાં પૂર્ણ કરી શકાય છે જ્યારે જુના જહાજથી જવામાં ૧૦થી ૧૫ દિવસ લાગતા હતા. દરિયાઈ માર્ગથી હજ યાત્રા શરૂ કરવાના સંદર્ભમાં ૨૮મી ઓગસ્ટના દિવસે ઉચ્ચ સ્તરીય બેઠક થશે. કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના નેતૃત્વમાં મહત્વપૂર્ણ બેઠક મળશે.

## તપાસનો હુકમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરફથી મળેલી વિનંતીના આધાર પર રાજ્ય સરકારે વ્યાપક વિચારણા કર્યા બાદ આ અંગેનો નિર્ણય કર્યો છે. જયલલિતાના મોતના મામલામાં અનેક રહસ્યો રહેલા છે. અમ્માને બિમાર થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પાંચમી ડિસેમ્બરના દિવસે તેમનું અવસાન થયું હતું. કોઈ સારવારનો જવાબ ન મળતા તેમને મૃત જાહેર કરાયા હતા. જુદી જુદી સંસ્થાઓ અન મિડિયામાં તેમના મૃત્યુને લઈને અનેક અહેવાલ આવ્યા હતા જેના લીધે તપાસ પેનલની રચના જરૂરી બની છે. પનીરસેલ્વમ જૂથ સાથે મર્જરની વાતચીત પણ ચાલી રહી છે. જયલલિતા છ અવધિ સુધી તમિળનાડુના મુખ્યમંત્રી રહ્યા હતા. તમિળનાડુ માટે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે.

## મળતા સંકેતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધારાસભ્યો ધરાવતી કોંગ્રેસ રાજ્યસભાની ચૂંટણી બાદ ૪૩ ધારાસભ્યો ધરાવતી પાર્ટી બની છે. જે માત્ર રાજકીય સ્વાર્થમાં રાચતી કોંગ્રેસને નીચું જોવાપણુ થયું છે.

વાઘાણીના આ નિવેદનમાં પણ બાપુ માટે ભાજપ લાલ જાજમ બિછાવી રહ્યાનું મનાઈ રહ્યું છે.

પાટનગરના રાજકીય વર્તુળોનું માનીએ તો આગામી દિવસોમાં બાપુ પર ઉભા થઈ રહેલા દબાણને વશ થઈ પુનઃ પોતાના સમર્થકોનું સંમેલન બોલાવી બાપુ પક્ષીય રાજકારણમાં તેમને પુનઃ જોડાવુ જોઈએ કે નહિ તે વિશે મન જાણવાનો પ્રયાસ પણ કરી શકે છે અને તે પછી જ તેઓ તેમના નિર્ણયમાં પુનઃ વિચારણા કરી શકે છે.

આ બધી બાબતો હાલ તો જો અને તો ની વચ્ચે જોલા ખાય છે પણ રાજકીય વર્તુળો વધુ ઉત્તેજીત બની વહી રહ્યા છે અને આગામી દિવસોમાં શંકરસિંહ વાઘેલા પુનઃ પક્ષીય રાજકારણમાં સક્રિય થશે તેવી વાતોથી રાજકીય માહોલ ગરમાયો છે.

